# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૭ અંક : ૭ ૧૫-૩-૨૦૦૭ સળંગ અંક : ૧૯૮



સંપાદકો

**પરમ પાઠક + મદન મોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી**


## Editorial

## The heart of education is the education of 'heart'

Education must enable a person to discriminate between right and wrong. It must foster and promote the precious wealth of moral strength and purify the inner impulses of man. Mere mastery of books does not entitle a man to be called 'educated'. Without mastery over the inner instruments of emotion, no man can be deemed to be educated. The latent has to be cleansed so that the patent can flourish.

If we analyse our educational institutions today, they are engaged in a mechanical process of turning out young men and women who detest work that spoils their hands or disturbs the folds of their dresses. They instill the passion for profit in their hearts and ignore the urge to sympathise and serve. Education must produce wisdom and moral character. It can be acquired only by hard living and spending days of toil. But present day education makes those who undergo it, mere bonded-slaves to their senses. They don't know how to avoid this bondage, so they revel in envy, greed and egoism.

When we try to analyse, we find confusion, uncertainty and indecision in every section of the educational system. The remedy for this unhappy situation lies in the revival of ancient ideals and practices with adaptations to suit the changed times and circumstances. Unity of minds, mutual love and cooperation, are the qualities we have to develop today. Education has to cultivate humanity and discipline, but today it is yielding a harvest of pride and envy. Vidya means 'vid' (light) and 'ya' (that which gives). So 'vidya' or education has to shed light and illuminate the darkness in the mind. It does not indicate mere book-knowledge. It has to clarify the kinship of man with man and his intimate relationship with nature. It must harmonise one's earlier experiences with one's present ones and guide one to profitable and beneficial experiences in the future. It must validate the knowledge gained from books by these experiences and by that process, make man more and more human, until he becomes divine.

Riches beyond reasonable limit will result only in disaster. So, too, mere scholarship beyond limit will only bring about pride and competitive struggle. Of course, information of a certain quality is desirable in a certain quantity, but without a parallel and simultaneous cultivation of morals and self-awareness, scholarship will only be a burden and a danger.

What can gatherings, meetings and sessions of learned bodies achieve ? The conclusions arrived at after extensive discussions are not put into practice at all. Large sums of money as well as countless reams of paper are wasted. The recommendations and resolutions must be tested on the touchstone of practice.

The clouds gathered thick in the sky have, in their midst, streaks of lightning. So, too, there has to be wisdom, illuminating the clouds of knowledge. The learned man's life itself must shine as his message to mankind. Every particle of strength, every moment of life, every expression of virtue and every manifestation of intelligence, must be directed to the fulfillment of this higher purpose.

When the name of the drug is repeated, can the disease be cured ? Can poverty be overcome by reciting the word 'Dollar' or 'Rupee' ? Can the reading of the menu-card remove hunger ? Passing examination does not make a person more useful or more wise. Today's lecturers and professors of the teaching faculty are like an 'overhead tank' and the students are the 'taps'. The duty of teachers is to correct and counsel the students, changing them with enthusiasm and courage and removing their sloth and vacillation. This is the underlying object of all curricula and classes-to eliminate narrowness of outlook and to promote wide, inclusive modes of thought, word and deed. Faith in the one-ness of all must be deep rooted and strong. The *Upnishad* declares, "All this is enveloped by God". The *Gita* says, "All this is the Lord" and "The Lord is in all beings". The teacher should consider every student who is eager to learn as his own child. The teacher should consider every subject he teaches as a means for instilling faith in God. While teaching physics, we can lead the students into the magnificent mystery of philosophy. While teaching botany, we can guide them into the sublime secrets of the tree and of the creator who has blessed them with it.

If we don't synthesise values with the present education, soon we will be listening to the following dialogue at a school or a college :

Visitor : What are you doing here ?
Student : I am buying education... !!!

**- Sonalde Desai**

# સમાચારોમાં કોલેજ
## Colleges in News

### વિદ્યાકીય ગતિવિધિ

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ દ્વારા સંચાલિત **આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક** દ્વારા ''માનવસર્જિત હોનારત રોકથામ'' એક દિવસીય તાલીમનું આયોજન તા. ૬-૨-૨૦૦૭, મંગળવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં બી.એસ.ડબલ્યુ., એમ.એસ.ડબલ્યુ. તથા પી.જી.ડી.ડી.એમ.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં કેપ્ટન સંજય અપાગે (સિક્યોરીટી ઓફિસર, ગાંધીનગર), એસ.બી. ઝાલા (લાયઝન ઓફિસર, એસબીઆઇ, ગાંધીનગર) આવ્યા હતા. તેઓએ પાવર પોઇન્ટ રજૂઆત કરીને માનવસર્જિત હોનારત રોકથામ વિશે સમજૂતી આપી હતી. આ સમજૂતીમાં આગ લાગે ત્યારે અનોખી સૂઝબૂઝ કેળવી મોટી હોનારત થતા અટકાવવા માટેના જરૂરી પગલાંઓ તથા પદ્ધતિઓની વૈજ્ઞાનિક તથા તાર્કિક માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિવેકાનંદ મેદાન, આઇ.ટી.આઇ., આણંદ ખાતે આણંદ ફાયર બિગ્રેડ દ્વારા પ્રાયોગિક ધોરણે આગોતરા જાગૃતિ કાર્યક્રમ (મોક ડ્રીલ) હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમ માટે શ્રી કમલેશ બ્રહ્મભટ્ટ, ફાયરબિગ્રેડ અધિકારી, આણંદના સહકારથી અગ્નિશામક ઉપકરણો ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં હતાં.

આ જ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ''ઘરેલું હિંસા કાયદા'' અંગે શ્રીમતી આશાબહેન દલાલ (પ્રમુખ, જાગૃત મહિલા સંગઠન)નું વ્યાખ્યાન તા. ૯-૨-૨૦૦૭ના રોજ યોજાયું હતું. તેમણે વિદ્યાર્થીઓને ઘરેલું હિંસા કાયદાની જોગવાઇઓ, અમલીકરણ, હિંસાના પ્રકાર, હિંસાનું પ્રમાણ, હિંસા સામે લેવાતાં પગલાં વિશે જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ કાયદાના ઉપયોગ દ્વારા સ્ત્રીઓ સમાન દરજ્જો મેળવી શકે છે તેમજ સામાજિક અને કૌટુંબિક જીવનમાં થતાં અત્યાચારને અટકાવી શકાય છે.

શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ આર્ટ્સ કોલેજ**માં એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના ઇતિહાસ વિભાગના અધ્યક્ષશ્રી પ્રા. મૌલેશભાઇ પંડ્યાનું 'યુરોપમાં રાષ્ટ્રવાદના વિકાસની રૂપરેખા' અંગે વ્યાખ્યાન યોજાયું હતું. રાષ્ટ્રવાદનું મહત્ત્વ સમજાવી દેશમાં રાષ્ટ્રીય ભાવના કેવી રીતે વિકસે તેની દષ્ટાંતો સહિત સમજૂતી આપી હતી. એમણે ભારતમાં થયેલી રાષ્ટ્રવાદની ચળવળનો રસિક ઇતિહાસ રજૂ કર્યો હતો. કાર્યક્રમમાં કેળવણી મંડળના મંત્રીશ્રી ગુરૂચરણભાઇ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

### રમત ગમત

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ,** આણંદ તેમજ આણંદ હાઇસ્કુલ, આણંદના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં આઇ.ટી.આઇ., આણંદના ગ્રાઉન્ડમાં રમતોત્સવ યોજાઇ ગયો. આ રમતોત્સવના ઉદ્‌ઘાટક તરીકે આણંદ એજ્યુકેશન કોલેજના આચાર્યા, ડૉ. વી.ટી. ભમ્વરી તેમજ આણંદ હાઇસ્કુલના કાર્યકારી આચાર્ય, પ્રવીણભાઇ મિસ્ત્રી હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. વી. વી. બૉરૈયા દ્વારા કરાયું હતું. રમતોત્સવ દરમિયાન દોડ, દોરડા કૂદ, ગોળા ફેંક, ચક્ર ફેંક, લોટમાંથી સિક્કો શોધવો, પૉટેટો રેસ, સંગીત ખુરશી, ખો-ખો, સોય-દોરા વગેરેમાં દરેક તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ આ દરેક રમતના વિજેતાઓને આચાર્યા વી.ટી. ભમ્વરીની નવી પરિપાટી મુજબ પેસ્ટ્રીથી સન્માન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવના ચેમ્પિયન ઑફ ચેમ્પિયન તરીકે પરમાર શ્વેતા જે., દ્વિતીય ક્રમે રાઠવા કોકિલા એસ. અને તૃતીય ક્રમે પરમાર કોકિલા રહ્યા હતા. આ રમતોત્સવમાં તાલીમાર્થીઓના રમત-ગમત મંત્રી કુ. મેઘના પંચાલ હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઇનચાર્જશ્રી ડૉ. વી.વી. બૉરૈયા સાહેબે કર્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદસંચાલિત **આણંદ કોમર્સ કોલેજે,** સરદાર પટેલ યુનિવર્સિટી આંતર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જીસેટ કોલેજ સામે પાંચ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. ટોસ જીતીને જીસેટ કોલેજે પ્રથમ બેટીંગ કરતાં ૧૯૩ રન, આઠ વિકેટે નિર્ધારિત ૪૦ ઓવરમાં નોંધાવ્યા હતાં. આણંદ કોમર્સની ટીમે છત્રીસમી ઓવરમાં વિજયી રન મેળવ્યા હતા. મેન ઑફ ધ મેચ અને મેન ઑફ ધ સીરીઝ રોનક પટેલે અણનમ ૫૨ રન તથા એક વિકેટ પણ લીધી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં આણંદ કોમર્સે, આણંદ ફાર્મસી કોલેજ, એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ અને સી.પી. પટેલ કોમર્સ કોલેજ સામે વિજય મેળવ્યા હતા. સેમી ફાઇનલમાં એન.વી. પટેલ સાયન્સ કોલેજને હરાવી ટીમ ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી હતી.

શ્રી નરેન્દ્રભાઇ (લાલજીભાઇ)ના વરદ હસ્તે રનર્સ-અપ અને વિજેતા ટીમને શિલ્ડ એનાયત કર્યો હતો.

### અન્ય

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આણંદની **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ** દ્વારા તા. ૬-૩-૨૦૦૭ના રોજ તૃતીય વર્ષ બી.કૉમ., બી.બી.એ., બી.સી.એ. તથા એમ.કોમ. ફાઇનલના વિદાય લેતા વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ડૉ. સી. બી. પટિયાલના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ. જેમાં અતિથિ વિશેષ તરીકે મંત્રીશ્રી ભીખુભાઇ પટેલ, ટ્રસ્ટીશ્રી, હિંમતભાઇ પટેલ તથા ટ્રસ્ટીશ્રી નિપુલભાઇ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

આ સમારોહમાં એપ્રિલ-૨૦૦૬ની પરીક્ષામાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરનાર તથા વર્ષ દરમ્યાન કરેલ જુદી જુદી પ્રવૃત્તિઓના વિજેતાઓને ઇનામોથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

કાર્યક્રમમાં પ્રા. ગોપાલભાઇ શાહે ઇનામ વિતરણ કાર્ય સંભાળેલ તથા કાર્યક્રમનું સંચાલન પ્રા. સજનાબેન પિલ્લાઇ તથા પારૂલબેન પોપટે કરેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. શીલાબેન પીન્ટોએ કરી હતી.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ આર્ટ્સ કોલેજ**ના વિદ્યાર્થીઓએ મહાત્મા ગાંધીજીના નિર્વાણદિન નિમિત્તે રાજ્ય કક્ષાના એન.એસ.એસ.ના ગાંધી જીવનદર્શન શ્રમસેવા શિબિર ગુજરાત એન.એસ.એસ. પરિવાર, લાયન્સ કલબ ઑફ બરોડા, કીર્તિસ્થંભ તેમજ મુવાળ ગ્રામ પંચાયતના સહયોગથી આયોજિત મુવાળ મુકામે ભાગ લીધો હતો. જેમાં પરમાર અર્પિતકુમાર સિમોનભાઇ દેશભક્તિ ગીત સ્પર્ધામાં પ્રથમ આવવા બદલ શીલ્ડ તથા ભટ્ટ હરિસિદ્ધ યોગેશભાઇને શ્રેષ્ઠ શિબિરાર્થી તરીકે ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં શિબિરાર્થીઓ દ્વારા 'દિકરી બચાવો-દેશ બચાવો', ભ્રુણહત્યાની નાબુદી, કોમી એકતા, ભાઇચારો, વ્યસનમુક્તિ અંગે સમાજમાં જાગૃતિ લાવવાનું ભગીરથ કાર્ય કરાયું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ,** આણંદમાં તા. ૭-૨-૨૦૦૭ના રોજ શ્રી એચ.કે.શર્મા (સીવીલ એન્જિનિયર, પી.ડબલ્યુ.ડી., ઉ.પ્ર.)સાહેબનું "Art of Living" વિષય પર શૈક્ષણિક વક્તવ્ય યોજાયું. જેમાં તેમણે માનવીની માગણીઓના કુદરતી રીતે થતા સંતુલનની ચર્ચા વર્તમાન સમયને નજરમાં રાખીને વિવિધ ઉદાહરણો દ્વારા કરી હતી. માણસ માણસ વચ્ચેના સંબંધો સુદૃઢ કેવી રીતે બનાવાય તે વ્યાવહારિક દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી બહેન સુહાના વોરાએ કર્યું હતું. આભારવિધિ તાલીમાર્થી રેશ્મા ઢાલવાણીએ કરી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આણંદની **એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ** ખાતે ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ દ્વારા 'બેટી બચાવો અભિયાન' અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો વિષય 'કન્યા ભ્રુણ હત્યા રોકવામાં કાયદો જરૂરી કે માનસિક પરિવર્તન' હતો.

આ સ્પર્ધામાં આણંદ-ખેડા જીલ્લાની વિવિધ કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજની ટીવાયબીબીએની વિદ્યાર્થીની સોલી વર્ગીસે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે. તદ્ઉપરાંત આ વર્ષના પ્રથમ સત્રમાં લાયન્સ કલબ, આણંદ દ્વારા પી.ટી. એજ્યુકેશનના સહયોગથી યોજાયેલ ચર્ચા સ્પર્ધામાં સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના ૧૦વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જેમાં ટીવાયબીબીએની સોલી વર્ગીસ, હસન બાબટ તથા એસવાયબીબીએના મેલ્વીન કીથ સેમી ફાઇનલ રાઉન્ડમાં પસંદગી પામેલ. સ્પર્ધાના અંતિમ તબક્કામાં પોતાના સામર્થ્યને આધારે ટીવાયબીબીએના હસન બાબટ પ્રથમ દસ વિદ્યાર્થીઓમાં ક્રમ મેળવવામાં સફળ રહ્યાં હતા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં સ્વ. શ્રીમતી ચંચળબેન ડાહ્યાભાઇ પટેલની સ્મૃતિમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્ મંત્રીશ્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ, મુખ્ય મહેમાન શ્રી બી.આઇ.પટેલ (નિવૃત્ત આચાર્યશ્રી, આણંદ લૉ કોલેજ) તથા અતિથિ વિશેષ આચાર્યશ્રી તેજલબેન ગાંધી (આણંદ ફાર્મસી કોલેજ) ઉપસ્થિત રહ્યા હતા.

વક્તૃત્વ સ્પર્ધાનો વિષય 'મહિલા પર થતાં ઘરેલું અત્યાચાર માટે કાયદો જરૂરી છે ?' હતો. પ્રસ્તુત સ્પર્ધામાં પ્રથમ ક્રમે - ત્રિપલ કે. ઠાકર, બીજા ક્રમે - નિમીષા ડી. પટેલ અને ત્રીજા ક્રમે- નિશા સોલંકી આવ્યા હતા. નિર્ણાયક તરીકે શ્રી આર.પી. પટેલ અને અપૂર્વ પાઠકે સેવા આપી હતી.

આ જ કોલેજ ખાતે સરકારશ્રીના આદેશાનુસાર નિર્મળ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત સંસ્થા અને કેમ્પસની પ્રતિમાઓની સફાઇના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ અંતર્ગત કોલેજ કેમ્પસમાં આવેલ બાગને શ્રમકાર્ય દ્વારા સ્વચ્છ બનાવ્યો હતો. સાથે સાથે કોલેજની અંદર અને આજુબાજુ કચરો સાફ કરી કોલેજ અને કેમ્પસ સ્વચ્છ કર્યું હતું.

આ જ કોલેજ ખાતે તા. ૩૧-૧-૨૦૦૭ના રોજ ડૉ. સમીરભાઇ જે. પટેલ (રીડર, અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગ, સ.પ. યુનિ., વિ.વિ. નગર)નું ''વ્યક્તિત્વ'' વિશે શૈક્ષણિક વક્તવ્ય યોજાયું. જેમાં તેમણે વિવિધ ઉદાહરણો, વ્યાવહારિક બાબતો તથા રોજબરોજની ઘટનાઓ દ્વારા વ્યક્તિત્વ શબ્દનો અર્થ તથા સંકલ્પના સ્પષ્ટ કરી. વ્યક્તિત્વ માટે તેમણે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વ્યક્તિત્વ જાણવાની પ્રયુક્તિઓ બતાવી. ઓલપાર્ટની સર્વસ્વીકૃત વ્યાખ્યા દ્વારા વ્યક્તિત્વનો વિશેષ પરિચય કરાવ્યો હતો. સાથે સાથે નૈસર્ગિક શક્તિઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે પણ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી નિલમ પરમારે કર્યું હતું. આભારવિધિ રોનક શુક્લે કરી હતી.

આ જ કોલેજમાં તાજેતરમાં મહેન્દ્રભાઇ ચોટલિયા (રીડર, અનુસ્નાતક શિક્ષણ વિભાગ, સ.પ. યુનિ., વિ.વિ.નગર)નું ''શિક્ષણ અંગે પુનઃવિચાર'' વિષય પર શૈક્ષણિક વક્તવ્ય યોજાયું. જેમાં તેમણે અપેક્ષિત વર્તન પરિવર્તન, વિદ્યાર્થીનું ઘડતર અને આદર્શોનું નિર્માણ એમ ત્રણ મુદ્દાને ધ્યાનમાં રાખી શિક્ષણમાં પુનઃવિચારની વાર્તા અને પ્રશ્નોત્તરી દ્વારા વિશદ ચર્ચા કરી. વર્ગમાં જ્ઞાનનું સર્જન થાય તે માટે શિક્ષક તરીકે પ્રશ્નો પૂછવાની કળા શિક્ષકે હસ્તગત કરવી જોઇએ. ચીલાચાલુ પ્રશ્નો ટાળી વિદ્યાર્થી વિચારતો થાય તેવા પ્રશ્નો પૂછવા જોઇએ. આભારવિધિ તાલીમાર્થી ત્રિપલ ઠાકરે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી સંગીતા પટેલે કર્યું હતું.

આ જ કોલેજ ખાતે યુવા સપ્તાહ નિમિત્તે સ્વ. સવિતાબેન ગોરધનભાઇ પટેલના સ્મરણાર્થે કોલેજમાં યુવા સપ્તાહમાં એકપાત્રી અભિનય અને મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે અધ્યક્ષસ્થાન તાલીમાર્થી બહેન જનકબાળા પરમારે શોભાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે માનદ્‌મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલે અને અતિથિ વિશેષ તરીકે શ્રીમતી નીતાબેન દવે (આચાર્યા, ન્યુ એજ્યુકેશન ગર્લ્સ હાઇસ્કૂલ, પેટલાદ) શોભાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કિરણ પી. કા.પટેલ અને મિત્તલ પટેલે કર્યું હતું. નિર્ણાયક તરીકે સેવા પ્રેરણાબેન ઉપાધ્યાય, સુશીલાબેન ઠકરાર, ઉષાબેન સારડાએ આપી હતી. એકપાત્રી અભિનયમાં ત્રિપલ ઠાકર, આરતી ગઢવી અને ભારતી પાટીલ વિજેતા બન્યા હતાં. કોલેજની અન્ય એક સ્પર્ધામાં તેજલ ઠક્કર, મોનીક્ષા પંચાલ અને લતા પટેલ વિજેતા જાહેર થયાં હતાં. મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે ખુશ્બુ ગોહેલ, બીજા ક્રમે બેનઝીર મુન્શી અને ત્રીજા ક્રમે મિત્તલ સુથાર આવ્યા હતા.

આ જ કોલેજમાં ડૉ. આર.પી. પટેલ (આચાર્ય, આણંદ આર્ટ્‌સ કોલેજ) તરફથી થયેલ ઉદાર સખાવતથી સ્વ. રમેશ પારેખના કાવ્યોની કાવ્યપઠન સ્પર્ધા તા. ૩૧-૧-૨૦૦૭ના રોજ યોજાઇ ગઇ.

કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ડૉ. આર.પી. પટેલ (આચાર્ય, આણંદ આર્ટ્‌સ કોલેજ) તથા મહેમાન વકતા તરીકે ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ (પ્રોફેસર એન્ડ હેડ, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સ.પ. યુનિ., વલ્લભ વિદ્યાનગર) તથા નિર્ણાયક તરીકે પ્રા. અલકા મેકવાન અને પ્રા. જેનીફર ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા.

રમેશ પારેખના જીવનકવન તથા સાહિત્ય પ્રદાન વિશે પ્રા. ધીરજ પરમારે રજૂઆત કરી. સંસ્થાની ૨૮ પ્રશિક્ષણાર્થી બેનોએ કાવ્યપઠન સ્પર્ધામાં ભાગ લઇને રમેશ પારેખને શ્રદ્ધાંજલિ આપી હતી. કાવ્યપઠન સ્પર્ધામાં પ્રથમ ક્રમે સોનલ ડાભી, બીજા ક્રમે કોમલ પટેલ તથા તૃતીય ક્રમે પાયલ પટેલ અને લીના પટેલ આવ્યા હતા.

મહેમાન વકતા ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે રમેશ પારેખને ગુજરાતી ગીતનો ચમત્કાર અને લયનો બેતાબ બાદશાહ કહી નવાજ્યા હતા. નરસિંહના પ્રભાતિયાથી શરૂ કરીને ગુજરાતી ગીત સુધીની વિકાસયાત્રામાં રમેશ પારેખને ઉત્તમ ગીત કવિ તરીકે મૂલવ્યા હતા. કવિતા કાનથી પીવાની છે અને કાવ્યપઠન કેવી રીતે થાય, તે રમેશ પારેખના કાવ્યોનું પઠન કરી સમજાવ્યું તથા પોતાનું ગીત ''એક સૌરભી છોકરીને જોઇને'' રજૂ કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત સમાજ કલ્યાણ બોર્ડ, અમદાવાદ અને એન.એસ. પટેલ આર્ટ્‌સ કોલેજ, આણંદ યોજિત ''ભ્રૂણ હત્યા માટે કાયદો જરૂરી કે માનસિક પરિવર્તન'' વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા થઇ શિલ્ડ મેળવનાર ત્રિપલ ઠાકર તથા પ્રોત્સાહન ઇનામ મેળવનાર ચૈતાલી પટેલનું સન્માન કરવામાં આવ્યું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદસંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**નો વાર્ષિકોત્સવ શ્રી જી.જી.જોષી, મેનેજર, બેંક ઑફ બરોડા, ગુજરાત ઓપરેશન્સના મુખ્ય મહેમાનપદે, તેમજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્‌મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન કે. પટેલના અતિથિ વિશેષ પદે અને શ્રી રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ શ્રી મનુકાકાના અધ્યક્ષપદે આણંદ કોમર્સના પ્રાંગણમાં ઉજવવામાં આવ્યો હતો.

કોલેજના પ્રિન્સીપાલશ્રી બી.સી.ગાંધી સાહેબે વર્ષ દરમિયાન કરવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ આપ્યો હતો અને શ્રી એ.આર.મહીડા સાહેબે જીમખાના પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો.

સમારંભના મુખ્ય મહેમાન શ્રી જી.જી.જોષીએ બેંકીંગના વિષય પર માહિતીસભર પ્રવચન આપ્યું હતું. તેમણે બેંકીંગના ક્ષેત્રનું વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આધુનિક યુગમાં બેંકીંગની વ્યાખ્યા અને કાર્યક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે. બેંકો માત્ર એકાઉન્ટીંગ ફર્મ નથી પણ હવે બેંકોએ ઇન્શ્યોરન્સ, રીસ્ક મેનેજમેન્ટ, વેલ્થ મેનેજમેન્ટના ક્ષેત્રોમાં હરણફાળ ભરી છે. જેમાં નવા પડકારો અને તકોનો સતત ઉમેરો થઇ રહ્યો છે. મહેમાનોએ તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ, ઇનામથી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી એ.કે. યાજ્ઞિકે કર્યું હતું.

➢ **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૨૭-૨-૨૦૦૭ના રોજ કોલેજના બે અધ્યાપકો ડૉ. મંજુલાબેન પટેલ અને ડૉ. દિલીપભાઇ પટેલનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો. ડૉ. મંજુલાબેન પટેલ પોતાના વતન જીટોડીયા ખાતે સરપંચ તરીકે બહુમતીથી ચૂંટાઇ આવ્યા છે. જ્યારે સરદાર પટેલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની ચૂંટણીમાં કોલેજના પ્રાધ્યાપક ડૉ. ડી.જી. પટેલ પુનઃ બહુમતીથી ચૂંટાઇ આવ્યાં છે.

આ જ કોલેજનો ૪૭મો વાર્ષિકોત્સવ યુનિવર્સિટીના કા.કુલપતિશ્રી ડૉ. બી.જી.પટેલના અધ્યક્ષપદ હેઠળ તા. ૨૬-૨-૨૦૦૭ના રોજ યોજવામાં આવ્યો હતો. આ વાર્ષિકોત્સવ નિમિત્તે શ્રી એમ.એન. શુકલ કોલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના પ્રાચાર્ય શ્રી (ડૉ.) ડી.એસ. શુકલ મુખ્ય મહેમાન તરીકે અને શ્રી (ડૉ.) એમ. કે. યાજ્ઞિક, ડીન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.જી. પટેલે તેમના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ માત્ર સંખ્યાત્મક વૃદ્ધિ જ નહીં પણ ગુણાત્મક વિકાસ માટે પણ પ્રયત્નશીલ બનવું જોઇએ.

સમારંભના મુખ્ય મહેમાન શ્રી ડી.એસ. શુકલ સાહેબે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે શિક્ષકની અસર શાશ્વત હોય છે અને તેથી જ શિક્ષક તરીકે સંવેદનશીલતા, કરૂણતા અને પ્રત્યાયનના કૌશલનો વિકાસ દરેક તાલીમાર્થી માટે અનિવાર્ય છે.

આ પ્રસંગે સંસ્થાની સમગ્ર વર્ષ દરમિયાનની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અહેવાલ આચાર્ય શ્રી (ડૉ.) એન. આર. પટેલે, જ્યારે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનો અહેવાલ શ્રી (ડૉ.) ડી.જી.પટેલે રજૂ કર્યો હતો. સંસ્થાના એન.એસ.એસ. યુનિટની પ્રવૃત્તિઓનો અહેવાલ વિદ્યાર્થીઓના સામાન્ય મંત્રી શ્રી અમરીશભાઇ પટેલે રજૂ કર્યો હતો. આ ઉપરાંત, આ પ્રસંગે સંસ્થાના ભીંતપત્ર પ્રવૃત્તિઓની વિવિધ કૃતિઓના

ફલસ્વરૂપ હસ્તલિખિત અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. સમગ્ર વર્ષ દરમિયાન શૈક્ષણિક અને સહ-અભ્યાસ પ્રવૃત્તિઓમાં સહભાગી થનાર અને વિજેતા બનનાર તાલીમાર્થીઓને ઇનામ વિતરણ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ,** માં સ્વ. શ્રી મોતીભાઇ અમીનની પુણ્યતિથિ નિમિત્તે સમગ્ર સપ્તાહ દરમિયાન પુસ્તક પ્રદર્શન યોજાયું હતું. હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, વાર્તાચિત્રો, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાનના ચાર્ટ તેમજ નકશાનું પ્રદર્શન યોજાયું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક**ના ઉપક્રમે તા. ૮-૨-૨૦૦૭, ગુરૂવારના રોજ વર્ષ ૨૦૦૫-૨૦૦૬ દરમિયાન પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બીએસડબલ્યુ તથા એમએસડબલ્યુમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે દેશભક્તિ ગીત, વાનગી સ્પર્ધા, ડીબેટ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય વિજેતા થનાર વિદ્યાર્થીઓને શીલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાષ્ટ્રીય પોલિયો નાબુદી અભિયાન તથા નિર્મળ ગુજરાત-૨૦૦૭ જેવા અભિયાન લક્ષ્ય કાર્યક્રમ બદલ આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્કના વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્રક પણ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અર્પિતા ક્રિશ્ચિયન દ્વારા આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ વર્કનો વર્ષ ૨૦૦૫-૨૦૦૬નો પ્રગતિ અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો હતો.

આ જ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્ત્રીઓના મુદ્દાઓને ધ્યાનમાં લઇ ખાસ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્ મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન કે. પટેલ તથા અતિથિ વિશેષ તરીકે ડૉ. આર.પી.પટેલ (આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય સમાજની આદિવાસી, રાજસ્થાની, ગુજરાતી, પંજાબી જેવી સંસ્કૃતિને પાયારૂપ ગણી સ્ત્રીઓની પરિસ્થિતિને તાદશ કરતા સમુહ નૃત્ય તેમજ સમુહ ગીત રજૂ કરવામાં આવ્યા હતા. એ સાથે વિવિધ શેરી નાટકો, માઇમ, ગીતો જેવી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.

૮ માર્ચ વિશ્વભરમાં ''મહિલા દિન'' તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આ જ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા આ દિવસની ઊજવણી વિદ્યાર્થીઓને ''સ્ત્રીઓના સ્થાન તથા સામાજિક પ્રશ્નો'' તરફ અભિમુખતા કેળવવા માટે કરવામાં આવી. બી.એસ.ડબલ્યુ., એમ.એસ.ડબલ્યુ. તેમજ પીજીડીડીએમના વિદ્યાર્થીઓના લાભાર્થે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચરોતરભૂમિના સૌપ્રથમ મહિલા એન્જિનિયરનું બિરૂદ મેળવનાર તથા કાર્યક્રમના મુખ્ય મહેમાન જ્યોત્સનાબેને વિવિધ ઉદાહરણો ટાંકીને સ્ત્રી વિકાસ માટે કાર્યક્ષમ સમાજની રચના માટે વિદ્યાર્થીઓને કાર્યાન્વિત થવા માટે વિદ્યાર્થીઓને આગળ આવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમમાં પ્રો. એમ.બી. પ્રજાપતિ, (આણંદ લૉ કોલેજ)એ ''સ્ત્રી અને કાયદો'' વિષયક માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ઘરેલુ હિંસા વિષયક કાયદો, દહેજ તથા પ્રતિબંધક ધારો વગેરેની મુખ્ય કલમોને ટાંકીને સ્ત્રી-જાગૃતિ લાવી કાયદાઓના ઉપયોગ દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતા ધરાવતા સમાજની રચના પર ભાર મૂક્યો હતો. એસ.વાય.બી.એસ.ડબલ્યુની વિદ્યાર્થીની અંબિકા વરૂણ તેમજ એમ.એસ.ડબલ્યુ.ની કોમલ કંથારિયા દ્વારા ''સ્વ. સહાય જૂથો તથા સ્ત્રી સશક્તિકરણ'' મુદ્દા ઉપર રસપ્રદ શોધપત્ર પ્રસ્તુત કર્યા હતા.

➢ સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનની** સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત **સી.ટી.ઇ. હોસ્ટેલ**માં તા. ૨૪-૨-૨૦૦૭ના રોજ અનુસ્નાતક શિક્ષણ વિભાગના રીડર અને સી.ટી.ઇ. હોસ્ટેલના સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી ડૉ. મહેન્દ્રભાઇ ચોટલીયા દ્વારા 'અમેરિકાની શિક્ષણ વ્યવસ્થા અને નોકરીની તકો'- વિષય ઉપર વ્યાખ્યાન યોજાઇ ગયું. આ વ્યાખ્યાનનો લાભ સી.ટી.ઇ. હોસ્ટેલ, બી.એસસી. બી.એડ્. હોસ્ટેલ તથા એમ.એડ્.ના વિદ્યાર્થીઓએ લીધો હતો.

વ્યાખ્યાનના પ્રારંભમાં ડૉ. ડી.જી. પટેલે ભારતીય શિક્ષણ વ્યવસ્થાનો પ્રાથમિક પરિચય આપ્યો હતો. ત્યારબાદ ડૉ. ચોટલિયાએ ભારત સરકાર દ્વારા નિયુક્ત શિક્ષણ ડેલીગેશનના પાંચ સભ્યો પૈકી ગુજરાત ખાતેના પ્રતિનિધિ તરીકે અમેરિકામાં ૧૪ જેટલી અલગ-અલગ રાજ્યોની શિક્ષણ સંસ્થાઓની તથા યુ.એસ.એ.ની રાજધાની વૉશિંગ્ટનમાં અમેરિકન શિક્ષણ વિભાગની લીધેલી મુલાકાતના અનુભવો અને શિક્ષણની ગુણવત્તાના પ્રેરક પ્રસંગો વિશે રોચક પ્રવચન આપ્યું હતું.

આભારવિધિ સી.ટી.ઇ. હોસ્ટેલના જનરલ સેક્રેટરી શ્રી પંકજ પટેલે કરી હતી.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય**માં તા. ૧૫-૩-૨૦૦૭ને ગુરુવારે બી.કોમ. તથા બી.બી.એ.ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય-શુભેચ્છા સમારંભ પૂર્વ આચાર્ય શ્રી પ્રિ. શનુભાઇ એમ. પટેલના અતિથિવિશેષ પદે તથા આચાર્યશ્રી એન.એલ.સંઘવીના પ્રમુખસ્થાને યોજાયો હતો.

કોલેજના આચાર્યશ્રી એન.એલ. સંઘવીએ વિદ્યાર્થીઓ સમક્ષ બે વર્ષનું કામકાજનું સરવૈયું રજૂ કર્યું હતું.

વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. સુરેન્દ્ર જી. પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. વિદ્યાર્થી મહામંત્રી શ્રી આનંદ પટેલે તથા બી.બી.એ.ની વિદ્યાર્થીની શર્મીલીએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

વિદ્યાર્થી મહામંત્રી આનંદ પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. રાજેશ્વરીબેન સીંધે કર્યું હતું.

# Department in News

## MBA Department

G. H. Patel Postgraduate Institute of Business Management, Sardar Patel University, Vallabh Vidyanagar organized UGC-SAP sponsored Two-day National Seminar on ***"Consumer Research in India"*** on 19-20 January 2007.

Hon'ble Officiating Vice-Chancellor of S.P. University Prof B.G. Patel, inaugurated the seminar on 19th January 2007. Prof P.N. Mishra, Director International Institute of Professional Management, Devi Ahalya University delivered a key-note address on the competitive scenario and need for consumer research in India in the present context with the illustrations from Mahabharat, Ramayan and other Hindu Shastras.

Prof. J.S. Panwar, Head of MBA Department welcomed and introduced the guests and other dignitaries. Prof R.P. Patel, Seminar Director, introduced the theme of the seminar.

The whole event was divided into three technical sessions.

The theme of the First Technical Session was "Consumer Research in Service Sector". Prof Anil Kothari, Faculty of Management Studies, Udaipur University chaired this session. In this session research papers related to Tourism, Insurance, Banking, and Credit Card Services were presented by Dr Anil Kothari, Mr Amit Jain, Ms Bijal Mehta, Dr Rajesh Bhatt and Vimal Bhatt.

The theme of the Second Technical Session was "Consumer Research in Durable and Non-Durable Goods". This session was chaired by Dr A. Kumar, Head of MBA Dept., Bhavnagar. In this session five research papers were presented on the behavioural aspects of consumers during purchase of hosiery products, consumer durables, cooking gas, medicines, etc. by Prof H.J. Jani, Prof R.P. Patel and Mr. Raju M. Rathod, Dr P.K. Das and Dr Neeraj Anand, Mr Atul Dhyani, and Mr. Hitesh Vyas.

The second day of the seminar commenced with the Third Technical Session based on the theme "Research in Communication and Consumer Rights". This session was chaired by Prof Hemant Trivedi of Mudra Institute of Communication, Ahmedabad. In this session papers related to consumer rights, awareness, and consumerism and communication were presented by Ms Deepa kumari, Dr J.S. Panwar, Aswinikumar Upadhyay and Mr Amit Jain.

During these three technical sessions research papers were presented covering subject areas like self medication habit, consumption of hosiery produces, usage of credit cards, consumer preferences for durable and non durable products, service expectations and satisfaction from hospitals, Insurance and banks, bank as channels of selling insurance products, preference for tourism, satisfaction in LPG distribution, cyber crimes, consumer rights and awareness etc. In all 20 research papers by teachers of various colleges and departments were presented in person and three papers were presented in absentia.

Participants came from places like Dehradun, Delhi, Mathura, Uttaranchal, Nagpur in addition to participants from Ahmedabad, Bharuch, Vadodara, Kadi, Bhavanagar, and local colleges from Anand and Vallabh Vidyanagar.

The Valedictory Function was chaired by Prof Atul Tandon, Director, Mudra Institute of communication, Ahmedabad. Mr Sanjoi Chakraborty, Director, TRITON Advertising, Ahmedabad was the guest of honour. A lucid, interesting and full of information valedictory address was delivered by Prof Atul Tandon. Prof Tandon focused his address on various advertising strategies used by companies and their impact on consumers and audiences. The seminar was concluded by a vote of thanks by Seminar Director, Prof R.P. Patel.

## રાજ્યશાસ્ત્ર વિભાગમાં સમાજવિજ્ઞાનોમાં સંશોધન પદ્ધતિઓ અંગે પરિસંવાદ સંપન્ન થયો

સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગ દ્વારા 'સમાજ વિજ્ઞાનોમાં સંશોધન પદ્ધતિઓ' અંગેનો પરિસંવાદ તા. ૯-૨-૦૭ને શુક્રવારના રોજ યોજાઇ ગયો. ઉદ્‌ઘાટન સમારંભમાં હાર્દરૂપ વ્યાખ્યાન અમેરિકા માટે ફુલબ્રાઇટ સ્કોલર અનેરાજ્યશાસ્ત્રના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. પ્રિયવદન પટેલે આપ્યું હતું. સ્વાગત પ્રવચન પરિસંવાદના સંયોજક ડૉ. બલદેવ આગજાએ આપ્યું હતું.

પરિસંવાદની રૂપરેખા રાજ્યશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. હરબન્સ પટેલે સમજાવી હતી. કાર્યકારી કુલપતિ ડૉ. બી.જી. પટેલે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. આભારવિધિ પ્રા. હિતેશ આર. પટેલે કરી હતી.

પરિસંવાદમાં રાજ્યશાસ્ત્ર ઉપરાંત અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઈતિહાસ, સમાજશાસ્ત્ર વગેરે સામાજિક શાસ્ત્રોના યુવાન સંશોધકોએ ભાગ લીધો હતો. તજ્જ્ઞો તરીકે ડૉ. પ્રિયવદન પટેલ ઉપરાંત ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. વિદ્યુત જોષી, સુરતના સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના ડૉ. અર્જુન પટેલ અને પ્રા. વિમલ ત્રિવેદીએ સેવાઓ આપી હતી. પરિસંવાદમાં પ્રા. રંજનબેન ધોળકીયા, ડૉ. હેમા જીકાદરા, પ્રા. સંગીતાબેન પાઠક, ડૉ. એમ. એમ. મકવાણા, ડૉ. સમીર પટેલ વગેરેએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

### ➢ રાજ્યશાસ્ત્ર વિભાગનો વાર્ષિકોત્સવ યોજાયો

તા. ૬-૩-૨૦૦૭ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગનો વાર્ષિકોત્સવ માનવવિદ્યા ભવનના સભાખંડમાં યોજાઇ ગયો. સમારંભના અતિથિ વિશેષ તરીકે ગણિતશાસ્ત્ર વિભાગના વડા પ્રો. સુભાષ ભટ્ટ પધાર્યા હતા. અધ્યક્ષસ્થાન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. બી.જી. પેટેલે શોભાવ્યું હતું. વિભાગીય વડા અધ્યક્ષ ડૉ. હરબન્સ પટેલનો વિદાય સમારંભ પણ વાર્ષિકોત્સવમાં સંયોજિત કરીને વિભાગના વરિષ્ઠ પ્રાધ્યાપક ડૉ. બલદેવ આગજાએ પ્રસંગોચિત સુંદર પ્રવચન આપ્યું હતું. ત્યારપછી વર્ષ દરમ્યાન વિભાગમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ પ્રા. હિતેશ પટેલે રજૂ કર્યો હતો. વિભાગને શુભેચ્છાઓ પાઠવતા મુખ્ય અતિથિ ડૉ. સુભાષ ભટ્ટે આશીર્વચન ઉચ્ચાર્યા હતા. આ પ્રસંગે તેમણે નિવૃત્ત થતા વિભાગીય વડા સાથેના ચાલીસ વર્ષ જૂના સંબંધના સંસ્મરણો પણ રજૂ કર્યા હતા. તે પછી સમારંભના પ્રમુખ પ્રો. બી.જી. પટેલે વિભાગની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે આ પ્રસંગને ચિંતનશિબિર ગણાવ્યો અને વિભાગના સેવારત સક્રિય પ્રાધ્યાપકોએ તથા વિદ્યાર્થીએ ગોઠવેલ વિભાગ દ્વારા પ્રકાશિત પુસ્તકોનું નિરીક્ષણ કરી પ્રભાવિત થયા હતા. આભારદર્શન પ્રા. રંજના ધોળકીયાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન પ્રા. હિતેશ પટેલે કર્યું હતું.

### ➢ અનુસ્નાતક હિન્દી વિભાગનો વાર્ષિકોત્સવ સમ્પન્ન

સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હિન્દી વિભાગનો વાર્ષિકોત્સવ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭ના રોજ સ્ટુડન્ટ હોલ ખાતે યોજાઇ ગયો. સમારંભના પ્રમુખપદેથી યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. બી. જી. પટેલે શિક્ષણમાં વૈચારિક આદાન પ્રદાનનું મહત્વ સમજાવી જીવનપથ પર હરહંમેશ આગળ વધવાની હાકલ કરી હતી જ્યારે મુખ્ય મહેમાન તરીકે હાજર રહેલા ડૉ. સી. બી. પટિયાલ સાહેબે વિદ્યાનગરીનો ઈતિહાસ રજૂ કરી, આજે શિક્ષણ મારફતે તેનું ગૌરવ અને ગરિમા જાળવી રાખવા શિક્ષકો-વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. વિભાગના વડાશ્રી પ્રો. નવનીત ચૌહાણે સ્વાગત પ્રવચન કરેલ, જ્યારે ડૉ. મદન મોહન શર્માએ વિભાગનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે કેટલાંક વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિઓ બદલ પારિતોષિકો એનાયત કરાયાં હતાં. કાર્યક્રમનું સંચાલન ડૉ. શર્માએ તેમજ આભારવિધિ ડૉ. કમલેશભાઇ ત્રિવેદીએ કરી હતી. આ પ્રસંગે વિભાગના પ્રતિનિધિ શ્રી જયેન્દ્ર મહીડા તેમજ વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો, શુભેચ્છાઓ રજૂ કરેલ.

### ➢ અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં પૂર્વ છાત્ર સંઘની સ્થાપના :

તા. ૨૫ માર્ચ ૨૦૦૭ના રોજ અનુસ્નાતક ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સ્નેહમિલન યોજાયું હતું. એમાં અનુસ્નાતક ગુજરાતી વિભાગના પૂર્વ છાત્ર સંઘની રચના થઇ હતી. આ મિલન દરમિયાન એનું બંધારણ પણ તૈયાર થયું હતું. આ પ્રસંગે વિભાગના પૂર્વ અધ્યક્ષ પ્રો. જશવંત શેખડીવાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિભાગમાં અભ્યાસ કરી ગયેલા ત્રણ પેઢીના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ છાત્ર સંઘના અધ્યક્ષપદે ડૉ. જયેન્દ્ર એમ. પટેલની સર્વાનુમતે વરણી થઇ હતી. પૂર્વ છાત્ર સંઘના પદાધિકારીઓમાં સર્વશ્રી ડૉ. આર.પી. પટેલ, ડૉ. કે.બી. પટેલ, ડૉ. કે.સી. પટેલ, ડૉ. સુભાષ મોરી અને ડૉ. શીલા વ્યાસની અનુક્રમે પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી અને કોષાધ્યક્ષ તરીકે વરણી થઇ હતી.

## Faculty in News

➢ અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગના રીડર **ડૉ. બલદેવ આગજા**એ આણંદ જિલ્લા પંચાયત દ્વારા યોજાયેલ ત્રિ દિવસીય કાર્યશાળામાં ૨૩ માર્ચ ૨૦૦૭ના રોજ પંચાયતી રાજ સંસ્થાના પદાધિકારીઓને (૧) પંચાયતી રાજની પૂર્વભૂમિકા; (૨) ચૂંટાયેલા પદાધિકારીની સાક્ષરતા જરૂરીયાત; (૩) પદાધિકારી અને શિક્ષણ વિષયો અંગે ત્રણ પ્રવચનો આપ્યાં હતાં.

➢ અનુસ્નાતક માનસશાસ્ત્ર વિભાગના વ્યાખ્યાતા **ડૉ. એસ. એમ. મકવાણા**એ તા. ૨૫ માર્ચ ૨૦૦૭ના રોજ જિલ્લા પંચાયત, આણંદના ઉપક્રમે યોજાયેલા જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અને ચૂંટાયેલા અન્ય પ્રતિનિધિઓની તાલીમ શિબિરમાં પંચાયતી વહીવટ અને સ્ટ્રેસ મેનેજમેન્ટ અંગે વક્તવ્ય આપ્યું હતું.

➢ અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને **પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટે** તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં 'મહાદેવભાઇની ડાયરી-ભાગ-૯' અંગે પ્રવચન આપ્યું હતું. આ ઉપરાંત અમદાવાદની સદગુણા આર્ટ્સ કોલેજ ખાતે એક રાષ્ટ્રીય પરિસંવાદમાં 'અખાજીકૃત ચિત્તવિચાર સંવાદની તાત્ત્વિક વિચારણા' અંગે વક્તવ્ય આપ્યું હતું.

➢ અનુસ્નાતક ગુજરાતી વિભાગના રીડર **ડૉ. પરમ પાઠકે** તાજેતરમાં જૂનાગઢ-ગિરિ તળેટીમાં ૧૮ માર્ચ ૨૦૦૭ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે યોજાયેલા 'ગુજરાતમાં નાથ સંપ્રદાય અને તેનું સાહિત્ય' વિષયક પરિસંવાદમાં 'નાથ સંપ્રદાય અને શ્રી અરવિન્દ દર્શન' અંગે વક્તવ્ય આપ્યું હતું.

# લોકવિજ્ઞાન કેન્દ્ર

ગુજરાત વિજ્ઞાન અકાદમીએ રાજ્યભરના વૈજ્ઞાનિકો/ટેકનોક્રેટ્સ અને અન્ય વિદ્વાનોનું બનેલું એક ઉચ્ચસ્તરીય સંગઠન છે. આ અકાદમીની વિદ્યાનગર ખાતેની શાખા (ચેપ્ટર) દ્વારા લોકવિજ્ઞાન કેન્દ્ર, સરદાર પટેલ યુનિવર્સિટીના સહયોગથી સાયન્સ મીટ-૨૦૦૭નું આયોજન કરવામાં આવ્યું. આ વિજ્ઞાન ગોષ્ઠીમાં વિજ્ઞાનનાં વિવિધ વિભાગો તેમજ કોલેજનાં અધ્યાપકો-સંશોધકોએ મળીને શૈક્ષણિક આદાનપ્રદાન કર્યું. સાયન્સ મીટ-૨૦૦૭નું ઉદ્ઘાટન મુંબઇની ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર સંસ્થાના વિજ્ઞાની **ડૉ. બી. કે. ગોડવાલ**ના પ્રવચનથી થયો હતો. તેઓએ ઉચ્ચ-દબાણ હેઠળ વિવિધ પદાર્થો પરનાં પ્રાયોગિક સંશોધનો વિશે ભારતમાં તથા અમેરિકામાં થઇ રહેલ શોધખોળોની ઝાંખી કરાવી હતી. સરદાર પટેલ યુનિવર્સિટીના **કાર્યકારી કુલપતિશ્રી ડૉ. ભરતભાઇ પટેલે** પ્રાસંગિક પ્રવચનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સ્થાનિક **ચેપ્ટરના અધ્યક્ષ ડૉ. એમ. એચ. વસાવડા**એ સૌને આવકારતા સાયન્સ મીટ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. યજમાન સંસ્થા, અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગનાં વડા **પ્રો. કે. એન. જોષીપુરા**એ આભારદર્શન કરતાં આવા સેમિનાર કાર્યક્રમોનું મહત્વ સમજાવ્યું હતું. સાયન્સ મીટ સેમિનારનો હેતું વિદ્યાનગર-આણંદ વિસ્તારની વિવિધ વિજ્ઞાન સંસ્થાઓ તેમજ વિભાગો દ્વારા ચાલી રહેલ સંશોધન કાર્યો તથા તે માટેની માળખાકીય સુવિધાઓ અને વૈજ્ઞાનિક સાધન-સંપત્તિનો પરિચય મેળવવાનો હતો. ઉપરોક્ત કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ત્રણ વિભાગો દ્વારા તેમનાં વિષયમાં થઇ રહેલ સાંપ્રત વિકાસની ઝાંખી કરવામાં આવી હતી. અનુસ્નાતક ઇલેક્ટ્રોનિકસનાં વડા **ડૉ. ડી. લક્ષ્મીનારાયણે** 'માઇક્રોથી નેનો-ઇલેક્ટ્રોનિક્સ'ના વિષયમાં ખૂબ જ રસપ્રદ પ્રવચન આપ્યું. ઉપરાંત **ડૉ. (શ્રીમતી) એમ. એસ. આચાર્ય**એ હોમસાયન્સ ક્ષેત્રમાં અને **ડૉ. શાનુભોગે** સ્ટેટેસ્ટીકસના વિષયમાં આધુનિક જાણકારી આપી હતી. ત્યારબાદ અન્ય ચાર અધ્યાપકોએ પોતપોતાના વિભાગમાં રહેલી વૈજ્ઞાનિક સાધનસામગ્રીની સગવડો વિષે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન કર્યું હતું. જેમાં **પ્રો. જે. એસ. પરમાર (કેમેસ્ટ્રી), પ્રો. એલ. એમ. મનોચા (મટિરીયલ્સ સાયન્સ) તેમજ સીકાર્ટ, ડૉ. કે. ડી. પટેલ (ફિઝીકસ) અને ડૉ. સુબ્રમણ્યમ (બાયોસાયન્સીસ)**નો સમાવેશ થાય છે. એ પછી સંશોધનપત્રોની રજૂઆતનો દોર શરૂ થયો. આ સત્રમાં દરેક વૈજ્ઞાનિક શાખાઓના ઓછામાં ઓછા એક વિદ્યાર્થી કે અધ્યાપકે રજૂઆત કરતા શ્રોતાઓને સામાન્ય વિજ્ઞાનની એક માનસ યાત્રાનો અનુભવ થયો. પ્રારંભમાં આ સત્રનું અધ્યક્ષસ્થાન બાયોસાયન્સીસ વિભાગના વડા **ડૉ. દત્તા માદમવારે** સંભાળ્યું. આણંદની ખેતીવાડી કોલેજના ડૉ. રવીન્દ્ર શર્મા, કુશવાહ પુનમ, નીમેષ ભટ્ટ, મહેન્દ્રસીંહ ડાભી અને દીપક રબારીએ સંશોધનો રજૂ કર્યા. જ્યારે બોટનીના વિષયમાં રચના જહા, સુદેશણા ચક્રબર્તી અને નરેન્દ્ર પાટીલે રજૂઆત કરી. દિવસભરના છેલ્લા સત્રનું અધ્યક્ષસ્થાન ડૉ. જોષીપુરાએ સંભાળ્યું અને નીચે મુજબના અધ્યાપકોએ શોધપત્રો રજૂ કર્યા. ડૉ. ચેતન લીંબાચીયા, ડૉ. કૌશિક પટેલ અને ડૉ. નિસર્ગ ભટ્ટ (ભૌતિકશાસ્ત્ર). સત્રના અંતે એમ.એસસી ફીઝિકસના વિદ્યાર્થી નિકુંજ રાવલ દ્વારા એક આકર્ષક પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. જેમાં કેટલીક ખગોળશાસ્ત્રીય ઘટનાઓ દ્વારા પૃથ્વી પર સંભવિત આપત્તિઓનો ખ્યાલ આપવામાં આવ્યો. આમાં કોઇ જ્યોતિષ વિશેની વાત ન હતી, પણ એ કેવળ એક વૈજ્ઞાનિક રજૂઆત હતી. સમગ્ર કાર્યક્રમના અંતે લોકવિજ્ઞાન કેન્દ્રનાં માનદ્ નિયામક **ડૉ. શાંતિભાઇ પટેલે** સમગ્ર કાર્યક્રમની સફળતા બદલ સૌ કોઇનો આભાર વ્યકત કર્યો.

આ જ કેન્દ્ર ખાતે સરદાર પટેલ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગની ફિઝીકલ સોસાયટી અને લોકવિજ્ઞાન કેન્દ્રના સહકારથી **સાયન્સ ડે ઉજવણી** અંતર્ગત તા. ૩-૨-૨૦૦૭ના રોજ ભૌતિક શાસ્ત્ર વિભાગમાં **એક દિવસીય પરિસંવાદ**નું આયોજન કર્યું હતું. જેનો વિષય ભૌતિક વિજ્ઞાનના સાંપ્રત પ્રવાહોને અનુલક્ષીને હતો. સેમિનારના ઉદ્ઘાટનમાં આઇ.આઇ.ટી., દિલ્હીના વિજ્ઞાની **પ્રો. વિ.ડી. વણકરે** કાર્બન-નેનોટ્યુબ્સ અંગે આધુનિક જાણકારી આપી હતી. આ પરિસંવાદમાં વિભાગના બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જેઓ અત્રેથી આગળ વધીને વિશેષ સંશોધનો કર્યા હતા તે પણ સામેલ થયા હતા. તે પૈકી ઇન્સ્ટીટ્યૂટ ઑફ પ્લાઝ્મા રીસર્ચ, ગાંધીનગરના હીતેશ પંડ્યાએ ન્યુકલીઅર ફ્યુઝનના વિકાસમાં ભારતની ભૂમિકાનો ખ્યાલ આપ્યો હતો. અત્રેથી એમ.ફીલ કરીને જર્મની ખાતે પીએચ.ડીનો અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થી ચીરાગ ઝાલાએ પોતાની સૈદ્ધાંતિક શોધખોળોનો ખ્યાલ આપ્યો. વડોદરાની મ.સ. યુનિવર્સિટીના એપ્લાઇડ ફીઝીકસના પ્રો. વિજય પોટભરે અને ડૉ. ચેતન પંચાલે અનુક્રમે ક્વૉન્ટમ સ્ટ્રક્ચર્સ અને એલઇડીમાં થઇ રહેલ વિકાસની ઝાંખી કરાવી હતી. ત્રણે વિદ્વાનો પ્રો. વિ. ડી. વણકર, પ્રો. વિજય પોટભરે અને ડૉ. ચેતન પંચાલે વિદ્યાર્થી સમુદાય સાથે પ્રશ્નોત્તરી ચર્ચામાં પણ રસપૂર્વક જોડાયા હતા. ભોજન વિરામ બાદ આ પરિસંવાદ એક નવા સ્વરૂપે વૈજ્ઞાનિક સ્પર્ધામાં રૂપાંતર પામ્યો હતો. સેમિનારના આયોજકોએ આ અગાઉ ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓને જાણ કરીને પસંદ કરાયેલા બે-બે વિદ્યાર્થીઓને અત્રે પોતાનો પરિસંવાદ રજૂ કરવાની સ્પર્ધામાં મોકલવા જણાવ્યું હતું. તદ્અનુસાર પસંદગી પામેલા બાર વિદ્યાર્થી ભાઇ-બહેનોએ સુંદર પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશનમાં ભૌતિક વિજ્ઞાનની વિવિધ શાખાઓના વિકાસનો પરિચય કરાવ્યો. પરિસંવાદની આ સ્પર્ધામાં બે સ્થાનિક વિદ્યાર્થીઓ ઉપરાંત વડોદરા, સુરત, અમદાવાદ અને રાજકોટના એમ.એસસી ફીઝીકસના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. સ્પર્ધાનું પ્રથમ ઇનામ સુરત અને બીજું ઇનામ વડોદરાના વિદ્યાર્થીઓના ફાળે ગયું હતું. ઉપરોક્ત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રો. વિજય પોટભરે અને પ્રો. એસ.કે. અરોરાએ સેવા આપી હતી.

લોકવિજ્ઞાન કેન્દ્ર અને ગૃહ વિજ્ઞાન વિભાગના સંયુકત ઉપક્રમે સાયન્સ ડેની ઉજવણીના ભાગરૂપે તા. ૮-૨-૨૦૦૭ના રોજ **સ્ત્રી ભૃણ હત્યા અને સ્ત્રીઓના હક્કો પર એક દિવસીય પરિસંવાદ**નું આયોજન ગૃહવિજ્ઞાન વિભાગમાં વુમન સ્ટડી સર્કલ અંતર્ગત યોજાયું. આ પરિસંવાદમાં મુખ્ય વક્તા તરીકે જાગૃત મહિલા સંગઠન, આણંદના અધ્યક્ષા શ્રીમતી આશાબેન દલાલે સેવા આપી હતી.

## Chair in News

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રસ્થાપિત **ભાઈકાકા અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)** નિમિત્તે તા. ૭-૩-૨૦૦૭ના રોજ શિક્ષણશાસ્ત્ર ભવન ખાતે એક વ્યાખ્યાનનું આયોજન થઇ ગયું. વ્યાખ્યાનનો વિષય હતો : ''સંસ્થા નિર્માણમાં પૂ. ભાઈકાકાની દષ્ટિ.''

ડૉ. જે. કે. દવે(પૂર્વ અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિભાગ)એ અત્યંત પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે શ્રી ભાઈકાકાના ચિંતનની આ ભૂમિ પર અદશ્ય અસર થઇ છે. તેમણે મેકોલના જમાનામાં વિચાર કર્યો કે ''પ્રવર્તમાન શિક્ષણનો કોઇ વિકલ્પ હોઇ શકે ખરો ?'' અને તેના ઉત્તર રૂપે વલ્લભ વિદ્યાનગરનું નિર્માણ થયું. વલ્લભ વિદ્યાનગરનું લાલનપાલન શ્રી ભાઈકાકા અને ભીખાભાઇએ એટલી મમતાથી કર્યું છે કે જેથી આપણને અહીં હોવાનું ગૌરવ થાય છે. જો અહીંનાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓને આ ભૂમિ અને શિક્ષણ-સંકુલ માટે મમત્વ હશે તો તેમાંથી પ્રતિબદ્ધતા આવશે, જે ઉત્તરદાયિત્વને જન્મ આપશે. આ ત્રણ ગુણલક્ષણોનો સમન્વય થતાં વિદ્યાનગરનો ઉત્કર્ષ થશે જ. ડૉ. દવેએ આ કેમ્પસ્ પરના અનેક પ્રસંગો અને વ્યક્તિઓને યાદ કરીને ભાઈકાકાના આ સર્જનને બલવત્તર બનાવવા માટે પ્રેરણા આપી હતી. અધ્યક્ષપદે બોલતાં કા. કુલપતિશ્રી ડૉ. બી.જી. પટેલે પણ વિદ્યાનગરના ઈતિહાસને તાજો કર્યો હતો અને નવી પેઢીને આ વારસો જાળવી રાખવા માટે આગળ આવવા જણાવ્યું હતું.

## Student in News

અનુસ્નાતક ગુજરાતી વિભાગના વિદ્યાર્થી **સાવન વિજયકુમાર જયસ્વાલ**ને એમ.એ. ફાઇનલની ૨૦૦૫-૦૬ની યુનિવર્સિટી પરીક્ષામાં સર્વોચ્ચ ગુણાંક પ્રાપ્ત કરવા બદલ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદના ઉપક્રમે પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. અભિનંદન !

### કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ અંતર્ગત પ્રમોશન

| | | | |
|---|---|---|---|
| ડૉ. આર.પી. પટેલ | અનુ.એમ.બી.એ. વિભાગ | રીડર ટુ પ્રોફેસર | ૧-૧-૨૦૦૫થી |
| ડૉ. એ.બી. પટેલ | અનુ.ગણિતશાસ્ત્ર વિભાગ | રીડર ટુ પ્રોફેસર | ૧-૭-૨૦૦૫થી |

યુ.જી.સી. ડી.એ.ઇ. કોન્સોર્ટીયમ ફોર સાયન્ટીફીક રીસર્ચ મુંબઇ સેન્ટર, મુંબઇએ અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના **પ્રોફેસર ડૉ. એન.વી. શાસ્ત્રી**નો કોલોબ્રેટીવ સંશોધન પ્રોજેક્ટ ત્રણ વર્ષ માટે મંજૂર કર્યો છે. તેમજ આ માટે પ્રથમ વર્ષના ખર્ચ પેટે રૂા. ૧,૩૧,૦૦૦/- નું અનુદાન મંજૂર કર્યું છે. પ્રો. શાસ્ત્રીના સંશોધનનો વિષય છે : Surfactant Link Ionic Liquids-Surface and Micellar Structural Properties in Aqueous Solutions. અભિનંદન !

**પરીક્ષા સુધારણા એકમ, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ''પ્રવર્તમાન પરીક્ષા પદ્ધતિ : સમસ્યાઓ અને ભાવિ દિશાઓ'' વિષય ઉપર એક દિવસીય પરિસંવાદ યોજાઈ ગયો**

સરદાર પટેલ યુનિવર્સિટીના પરીક્ષા સુધારણા એકમ અંતર્ગત તા. ૮-૨-૨૦૦૭ના રોજ ''પ્રવર્તમાન પરીક્ષા પદ્ધતિ-સમસ્યાઓ અને ભાવિ દિશાઓ'' વિષય ઉપર એક દીવસીય પરિસંવાદ યુનિવર્સિટીના એમ.બી.એ. ઑડિટોરિયમમાં યોજાઇ ગયો.

**કા.કુલપતિશ્રી ડૉ. બી.જી. પટેલે** આ સેમિનારનું અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું. આ સેમિનારનું ઉદ્‌ઘાટન કરતા નિરમા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એન.વી. વસાણીએ હાર્દરૂપ પ્રવચન આપ્યું. જેમાં તેમણે પોતાના અનુભવો ટાંકી પ્રાશ્નિકોને પ્રશિક્ષણ આપવા ઉપર ભાર મૂક્યો હતો. પરીક્ષા સુધારણા એકમના કન્વીનર પ્રાધ્યાપકશ્રી **એ.આર.જાની**એ આ એકમનું મહત્વ તથા તેના કાર્યો વિશે માહિતી આપી અને સેમિનારના ઉદ્દેશ્યો સ્પષ્ટ કરી સૌને આવકાર્યા હતા. સેમિનારના ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન ડૉ. એસ.જી. પટેલે કર્યું હતું અને આભારવિધિ કો-ઓર્ડિનેટરશ્રી હરીશ દેસાઇએ કરી હતી.

ભાવનગર યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના પૂર્વ વડા **પ્રો. ચંદ્રકાન્ત ભોગાયતા**એ જ્ઞાનલક્ષી શિક્ષણ અને જ્ઞાનલક્ષી કસોટી ઉપર વ્યાખ્યાન આપતા જ્ઞાન, માહિતી અને ડહાપણ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી જ્ઞાનલક્ષી સમાજ માટે જે પ્રકારના વ્યાવસાયિકોની જરૂર છે તે તૈયાર કરવા માટે જ્ઞાન આધારિત શિક્ષણ અને પરીક્ષા કેવી હોય તે સવિગત માહિતી આપી હતી. પ્રો. ડી. આર. ગોયલ, શિક્ષણ વિભાગ, શ્રી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ, તેમના વ્યાખ્યાનમાં પરીક્ષા અને પરીક્ષા પદ્ધતિ સમજાવી હતી, તેમણે પ્રેક્ટીસ બેઇઝડ્ પરીક્ષા અને આત્મલક્ષી વિરુદ્ધ અનાત્મલક્ષિતા અંગે છણાવટ કરી હતી.

રાજ્યભરની યુનિવર્સિટીઓના પરીક્ષા નિયામકો તથા યુનિવર્સિટી સંલગ્ન/સંચાલિત કોલેજો, અનુસ્નાતક વિભાગો તથા સંલગ્ન સંસ્થાઓમાંથી આચાર્યો, વિભાગીય વડાઓ તથા શિક્ષકો તથા વિદ્યાર્થીઓ મળી કુલ ૧૬૮ ડેલીગેટ્સે આ સેમિનારમાં ભાગ લીધો હતો તેમજ વિષયને અનુરૂપ વિચાર-વિમર્શ કર્યો હતો. ૪૦ ડેલીગેટ્સે પ્રસ્તુત વિષય ઉપર પોતાનાં પેપરો રજૂ કર્યા હતા.

પ્રિ. આર.સી.દેસાઇ, પ્રો. આમ્રપાલીબેન મરચન્ટ, ડૉ. શિરીષ શ્રીવાસ્તવ, પ્રિ. આર.પી.જાડેજા, પ્રો. મહાવીર વસાવડા અને પ્રો. એચ.જે. જાનીએ સમૂહ ચર્ચામાં પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યા હતા જેમાં સતત પરીક્ષણ, મૂલ્યોનું પરીક્ષણ, પરીક્ષણના વિસ્તાર અને ઊંડાઇ વિગેરે મુદ્દાઓને આવરી લીધી હતા અને શ્રોતાઓના પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

વિદ્યાર્થીઓ માટેના સમાંતર અલગ સેશન દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો, સૂચનો અને લાગણીઓ રજૂ કરી સક્રિય ભાગ લીધો હતો. આ સેશનનું સંચાલન પ્રો. એમ. કે. યાજ્ઞિકે કર્યું હતું.

સમગ્ર સેમિનાર દરમિયાન પ્રા. મનીષ સોલંકી તેમજ પ્રા. નિમેષ જોશીએ અહેવાલ લેખન કર્યું હતું. અંતમાં અહેવાલોને આવરી લઇ સેમિનારના સાર રૂપ વક્તવ્યમાં પ્રો. મહેન્દ્ર ચોટલિયાએ જણાવ્યું હતું કે આત્મલક્ષીતા પરીક્ષા પદ્ધતિના ગ્રાહ્ય છે, પ્રશ્નપત્રોનું સ્વરૂપ જ્ઞાનલક્ષી અને વિનિયોગ કેન્દ્રી બને તેમજ પ્રાશ્નિકોને પ્રશિક્ષણ મળે તેમ વિવિધ ચર્ચાઓમાં તારણ નીકળ્યું હતું.

## શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૨૦૦૮થી સરદાર પટેલ યુનિવર્સિટી શરૂ કરે છે એમ.એ./એમ.કોમ. બાહ્ય અભ્યાસક્રમ

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા એમ.એ./એમ.કોમ.નો અભ્યાસક્રમ બાહ્ય (External) અભ્યાસક્રમની રીતે જૂન-૨૦૦૭થી શરૂ થઇ રહ્યો છે.

સરદાર પટેલ યુનિવર્સિટી ભૌગોલિક રીતે ગુજરાત રાજ્યની મધ્યમાં છે, રેલ્વે અને માર્ગપરિવહનથી સંકળાયેલી યુનિવર્સિટીનું આ પગલું સમાજ અને તેનો લાભ કેટલાય સમયથી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની માંગણીના સંદર્ભે યુનિવર્સિટીએ લીધેલો આ નિર્ણય વિદ્યાર્થી જગતમાં આવકારદાયક બની રહેશે.

ગ્રામીણ વિસ્તારની આ યુનિવર્સિટી દ્વારા આવી જાતનો અભ્યાસક્રમ નોકરી, ધંધો અને આર્થિક રોજગારી સાથે વધુ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે ઘેર બેઠા અનુસ્નાતક અભ્યાસની ઉત્તમ તક નજીવા ખર્ચે ઊભી થઇ રહી છે ત્યારે રેગ્યુલર અભ્યાસક્રમમાં પ્રવેશ ન મેળવી શકનાર વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ થશે.

એમ.એ. (External) અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને સોશ્યોલોજીમાં ઉપલબ્ધ છે. જ્યારે એમ.કોમ. (External) મેનેજમેન્ટ, એકાઉન્ટન્સી, માનવ સંશાધન, માર્કેટીંગમાં બન્ને માધ્યમો એટલે કે ગુજરાતી અને અંગ્રેજીમાં ઉપલબ્ધછે.

સદર અભ્યાસક્રમો માટે યુનિવર્સિટીએ બાહ્ય અનુસ્નાતક અભ્યાસ કેન્દ્રની સ્થાપના કરી છે. વધુ માહિતી નીચેના કૉ-ઑર્ડિનેટરશ્રીઓનો સંપર્ક કરવાથી મળી શકશે.

**કૉ-ઑર્ડિનેટરશ્રીઓ :**

| | |
|---|---|
| **પ્રો. ડી.એસ. મિશ્રા** | **પ્રો. એમ. કે. પટેલ** |
| એમ.એ. (External) | એમ.કોમ. (External) |
| હ્યુમેનિટિઝ વિભાગ | અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ |
| સરદાર પટેલ યુનિવર્સિટી | સરદાર પટેલ યુનિવર્સિટી |
| વલ્લભ વિદ્યાનગર | વલ્લભ વિદ્યાનગર |
| ફોન નં. ૦૨૬૯૨-૨૨૬૮૨૯ | ફોન. નં. ૦૨૬૯૨-૨૨૬૮૭૨ |

---

➢ **નેટ કોચીંગ સેન્ટર ફોર એસ.સી/એસ.ટી.**ના આગામી વર્ગો ૧૨ એપ્રિલ ૨૦૦૭થી બપોરે ૧૨-૦૦થી ૨-૦૦ દરમિયાન શરૂ થનારા છે. આ માટે રસ ધરાવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ નેટ કોચીંગ સેન્ટરના સંયોજક શ્રી ડૉ. બલદેવ આગજા, અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગ, માનવ વિદ્યાભવન, સરદાર પટેલ યુનિવર્સિટીનો સંપર્ક કરવો.

નેટ કોચીંગ સેન્ટરને ગત વર્ષ ૨૦૦૫-૨૦૦૬ દરમિયાન નોંધપાત્ર સફળતા મળી હતી. એની સિન્ડીકેટ સભાએ નોંધ લઇને સંયોજકશ્રીને શુભેચ્છાઓ પાઠવી છે.

➢ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીએ **સરદાર પટેલ યુનિવર્સિટી**ને ''એડિશનલ ડેવલપમેન્ટ ગ્રાન્ટ ટુ સ્ટેટ યુનિવર્સિટીઝ એઝ વન ટાઇમ ગ્રાન્ટ ઇન શેર ઑફ બ્લોક ગ્રાન્ટ અન્ડર પ્લાન'' હેડ અંતર્ગત રૂા. ૪૯,૭૩,૦૦૦/-નું અનુદાન મંજૂર કર્યું છે.

➢ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીએ આપણી યુનિવર્સિટીના અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના નિવૃત્ત પ્રોફેસર **ડૉ. એસ. કે. અરોરા**ની બે વર્ષ માટે એમેરીટ્સ ફેલોશીપ મંજૂર કરી છે. આ માટે રૂા. ૫.૮૦ લાખનું અનુદાન પણ મંજૂર કર્યું છે. અભિનંદન !

➢ **અનુસ્નાતક બાયોસાયન્સીસ વિભાગના વડા તરીકે પ્રોફે. ડૉ. કે. એસ. રાવ**ની તા. ૧૮-૩-૨૦૦૭થી ૧૭-૩-૨૦૧૨ સુધી નિમણૂંક કરવામાં આવી છે. અભિનંદન !

➢ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ અભ્યાસ સમિતિના અધ્યક્ષ તરીકે બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના આસીસ્ટન્ટ પ્રોફેસર **શ્રી યુ.એસ. દેવપુરકર**ની તા. ૮-૨-૨૦૦૭થી ૧૭-૭-૨૦૦૮ સુધી નિમણૂંક કરવામાં આવી છે. અભિનંદન !

**Dr. T. V. Ramana Rao** of Department of Biosciences, has been selected for an Overseas Research Programme of Korean Federation of Science and Technology (KOFST), South Korea to carry out a collaborate research on "Studies on Sugar Accumulation and Antioxidants to Improve Watermelon Quality" with Dr. Kwon Sung Whan at Watermelon Experiment Station, 627, Youlchon-ri, Chonbuk-585-860 Republic of Korea for a period of 10 months (i.e. from 1st March 2007 to Dec. 2007).

U.G.C. has granted Rs. 20 lac each to the **Department of Materials Sciences, Biosciences and Chemistry** for the infrastructure development and strengthening. Congralutations !

## સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની
## આગામી પરીક્ષાઓ શરૂ થશે

યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલ-૨૦૦૭ની પરીક્ષાઓ તારીખ ૨૯-૩-૨૦૦૭થી શરૂ થશે.

વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક-મુક્ત વાતાવરણમાં નિર્ભયપણે પરીક્ષાઓ આપી શકે તેવી તમામ વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓના સીટ નંબર તથા હોલ ટીકીટ જે તે કોલેજ ઉપરથી વિદ્યાર્થીઓએ મેળવી લેવાનાં રહેશે. હોલ ટીકીટમાં દર્શાવેલ પરીક્ષાની તારીખ તથા સમયની, પરીક્ષાના છાપેલા કાર્યક્રમ સાથે ચકાસણી વિદ્યાર્થીઓએ કરી લેવાની રહેશે.

પ્રથમ તબક્કામાં કુલ **૩૧૨૯૦** વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં બી.એ. ૮૬૧૨, બી.કોમ. ૪૭૫૭, બી.બી.એ.૨૨૬૯, બી.એસ.સી. ૫૬૬૯, એમ.એ. ૨૨૮૦, બી.એડ્ ૧૦૮૯, ફાર્મસી ૮૯૭, બી.એસસી. (હોમ સાયન્સ) ૫૯૭, કાયદા ૧૦૭૦ તથા અન્ય પરીક્ષાઓમાં ૪૦૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં બેસશે.

બીજા તબક્કાની અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર પધ્ધતિની સાયન્સ વિદ્યાશાખાની તારીખ ૨૩-૪-૨૦૦૭ થી શરૂ થતી પરીક્ષાઓમાં ૨૩૫૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

પરીક્ષા કેન્દ્રો ઉપર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ઘટિત પોલીસ બંદોબસ્ત ગોઠવવા મે. જીલ્લા પોલીસ વડાશ્રીને વિનંતી કરવામાં આવેલ છે. તથા પરીક્ષા દરમ્યાન આકસ્મિક રીતે કોઈ પરીક્ષાર્થીની તબીયત બગડે તો યુનિવર્સિટી હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસરની સેવાઓ ત્વરિત ઉપલબ્ધ થઈ શકશે.

વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી ગેરરીતિઓથી દૂર રહે અને પોતાની ઉજ્જવળ કારકીર્દીના ઘડતર ને નજર સમક્ષ રાખી પરીક્ષા કાર્યમાં પ્રવૃત્ત થાય તેવી અપીલ કરવામાં આવે છે. સૌને શુભેચ્છાઓ.

## Department of Electronics

1. Prof. D. Lakshminarayana delivered an Invited Talk on **"Recent Advances in Electronic Science: From Micro to Nano"** at the **Second Annual GSA-CSC-VVN Science Meet – 2007** held at Department of Physics, Sardar Patel University, Vallabh Vidyanagar on Sunday, 11th February 2007.
2. Dr. C.J. Panchal, Department of Applied Physics, Faculty of Technology & Engineering, M.S. University of Baroda, Vadodara, delivered Three Lectures on **"Optoelectronic Devices"** and also gave a demonstration of **LASER Diode** on Saturday 24th February 2007, under the UGC Teachers Exchange Program.
3. The Department has initiated a **Campus Recruitment** drive for its M.Sc. (Electronics) Final Semester students. Accordingly, M/s. CHEMITO TECHNOLOGIES Pvt. Ltd., VADODARA, visited the Department and conducted a preliminary written test followed by a personal interview for the students who cleared the written test on Monday, 5 March 2007.
4. Dr. D. Lakshminarayana, Professor & Head and Mr.U.B. Trivedi Sr.Technician and Part Time Research Fellow participated and presented a research paper **"On the performance of Glucose Biosensors based on the immobilization of glucose oxidase in the polymers of polypyrrole, Poly (O-Phenylenediamine) and mixture of Poly (Carbamoylsulphonate) & Polyethyleneimine"** by Mr.U.B. Trivedi, D. Lakshminarayana, K.K. Makhija, I.L. Kothari and H.N. Kapse at the National Seminar on 'Novel Trends in Polymer Science & Technology' (NSNTPST), organized by Department of Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar, March 8-9, 2007.
5. Mr.U.B. Trivedi, Sr. Technician & Part Time Research Fellow working under Dr. D. Lakshminarayana, received a **First Prize for the Best Oral Presentation** of the research paper "*On the performance of Glucose Biosensors based on the immobilization of glucose oxidase in the polymers of polypyrrole, Poly (O-Phenylenediamine) and mixture of Poly (Carbamoylsulphonate) & Polyethyleneimine*" (authored by Mr.U.B. Trivedi, D. Lakshminarayana, K.K. Makhija, I.L. Kothari and H.N. Kapse), presented at the National Seminar on 'Novel Trends in Polymer Science & Technology' (NSNTPST), organized by Department of Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar, March 8-9, 2007.
6. Dr. D. Lakshminarayana delivered an Invited Talk on **"Research as a Career"** at the Gujarat State Level Meeting of Research Scholars in Physics, organized by Indian Physics Association (IPA), Vadodara Chapter at Applied Physics Department, M.S. University of Baroda, Vadodara, on March 17, 2007.
7. Dr. (Miss) V.S. Vaishnav, Reader, attended AICTE – ISTE Sponsored Short Term Training Programme on **"Advances in Neuro - Fuzzy Systems and Applications"** at A. D. Patel Institute of Technology, New Vallabh Vidyanagar, during March 19-23, 2007.

## ઔદ્યોગિક એકમોમાં કાર્યસંતોષ

પ્રવર્તમાન સમય ઔદ્યોગિકરણ, શહેરીકરણ કે વ્યક્તિના વિવિધ સામાજિક, આર્થિક, વ્યાવહારિક વિકાસનો યુગ ગણાય છે. વિશાળ ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કર્મચારીઓ પોતાના કાર્ય પ્રત્યે તેમજ સંસ્થામાં પોતાની ભાગીદારી બાબતે ઉદાસીન થતા જાય છે. જે સંસ્થા પોતાના કર્મચારીઓને ઉંચા પગારો, સલામતી, કૌટુંબિક સુવિધાઓ ઇત્યાદિ સવલતો આપતી હોય એના કર્મચારીઓ સંસ્થાને વફાદાર રહે છે. પરંતુ જે સંસ્થા આવી કશી સવલતો પૂરી પાડતી નથી એના કર્મચારીઓ એ સંસ્થાનો વફાદાર રહેતા નથી.

ઔદ્યોગિક સંસ્થાઓ કે એના કર્મચારીઓને સ્પર્શતા આવા બધા પ્રશ્નોને સમજવાનો એક અભ્યાસ સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના વ્યાખ્યાતા સુરેશભાઇ મકવાણાએ પીએચ.ડી. નિમિત્તે કર્યો. એમના માર્ગદર્શક હતા નલિની એન્ડ અરવિંદ આર્ટ્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. એન. આર. પરમાર. એમના સંશોધનનો વિષય હતો ''To Study the role of perceived organizational health in the relationship of work-involvement and job-satisfaction in different organizations''.

આ સમસ્યા હેઠળ ઔદ્યોગિક ઉત્પાદનો કરતી એન્જિનિયરીંગ અને ફાર્માસ્યુટીકલ સંસ્થાઓના ૪૮૦ કર્મચારીઓનો પ્રા. સુરેશ મકવાણાએ અભ્યાસ કર્યો છે. આ અભ્યાસના સમર્થક કે એનાથી વિપરીત પરિણામો દર્શાવતા ૫૦ કરતાં વધારે તંદુરસ્ત ભૂતકાલીન અભ્યાસોની પણ પ્રા. મકવાણાએ તુલના કરી છે.

આ અભ્યાસનો હેતુ એન્જિનિયરિંગ અને ફાર્માસ્યુટીકલ સંસ્થાઓના કર્મચારીઓ પર સંસ્થાઓના સારા-નરસા સ્વાસ્થ્યની શી અસર પડે છે એની ચકાસણી કરવાનો હતો. સંશોધનના નિષ્કર્ષો આ પ્રમાણે પ્રાપ્ત થયા.

૧. પ્રવર્તમાન ઔદ્યોગિક એકમોમાં માનવ-સંબંધો નિર્ણાયક બની રહે છે. સંસ્થાઓમાં યંત્રોને તો સરળ રીતે ચલાવી શકાય છે પરંતુ માનવો પાસેથી કામ લેવું સહેલું નથી, તે કુનેહ માગી લે છે.

૨. કર્મચારીઓને કાર્યસંતોષ પ્રાપ્ત થાય, એમને આનંદ પ્રાપ્ત થાય એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઇએ. આમ કરવાથી કર્મચારીઓની કાર્યક્ષમતા વધે છે. સુખી અને સન્નિષ્ઠ કર્મચારી સંસ્થાની આગવી મૂડી છે. એને સાચવવાની જવાબદારી સંસ્થાની છે.

૩. જે સંસ્થાઓમાં ઉચ્ચ સંગઠન સ્વાસ્થ્ય જોવા મળ્યું છે તેના કર્મચારીઓમાં કાર્યની સામેલગીરી અને કાર્યસંતોષનું પ્રમાણ ઊંચું છે. પરિણામે કર્મચારીઓની કાર્યક્ષમતા વધે છે. લાંબા ગાળે આનાથી સંસ્થાને અને સમાજને લાભ થાય છે.

**વિશેષ માહિતી સંપર્ક સૂત્ર : ડૉ. સુરેશ મકવાણા,** વ્યાખ્યાતા, અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગ

---


## Subscribe Today

**Annual**
Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**
Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**
**Email: sheelshrutam@spu.ernet.in**

---

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120 Gujarat India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**


Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.